સત્સંગ પરાગ

ૐ ગુરુપ્રેમસમર્પણ ધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ
૧/અ પલ્લિયડનગર, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ-૧૩ ફોન : ૪૪૫૧૬૫

ॐ
PRANAVA (AUM = ॐ) IS HIS NAME.

સત્સંગ પરાગ

પ. પૂ. ગુરુદેવશ્રી યોગનિષ્ઠ બુધ્ધની જીવનસાધના,
યોગસાધના, અનુભૂતિઓના નિચોડરૂપી
પુષ્પનો પરાગ

જયનારાયણ ગ્રંથાવલિ પુષ્પ-૨૯

ૐ ગુરુપ્રેમસમર્પણ ધ્યાનનિષ્ઠ પરિવાર ટ્રસ્ટ
૧/અ પાલિયડનગર, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ-૧૩ ફોન : ૪૪૫૧૯૫

પ્રકાશક : ૐ ગુરુપ્રેમસમર્પણ ધ્યાનભિક્ષુ પરિવાર વતી
ડૉ. સદ્‌ગુરુસમર્પણભિક્ષુ
૧/અ, પક્ષિયડનગર, સેંટ ઝેવિયર્સ સ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ–૩૮૦૦૧૩,
ફોન : ૪૪૫૧૬૫

આવૃત્તિ પ્રથમ : ગુરુપૂર્ણિમા, અષાઢ સુદ પૂનમ ને
તા. ૧૩–૭–૮૪

પ્રત : ૨૦૦૦

© સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

કિંમત : ૨–૦૦
મુદ્રક : ઊર્મિયા પ્રિન્ટરી, નારણપુરા ગામ, અમદાવાદ–૧૩
ફોન : ૪૬૧૬૨૭



પ્રસ્તાવના

'સત્સંગ–પરાગ' એ પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીની જીવનસાધના, યોગસાધના, અનુભૂતિઓનો નિચોડ છે; સત્સંગ–પ્રવચનરૂપી પુષ્પનું પરાગ છે; ગાગરમાં સાગર છે; બિંદુમાં સિંધુ છે.

આજના આ ભૌતિક યુગમાં મનુષ્ય પાસે લાંબાં–લાંબાં ઉપદેશાત્મક લખાણો વાંચવાનો સમય નથી. તેને તો ટૂંકું ને ટચ લખાણ જોઈએ, જેથી સમયનો બચાવ થાય અને સારું વાંચ્યાનો લાભ થાય. 'સત્સંગ–પરાગ' દ્વારા તે ધ્યેય સિદ્ધ થાય છે.

આ પુસ્તિકાનું એક એક સુવાક્ય યોગદર્શનના એક એક સૂત્રો જેવું છે, જેને વાંચીને તે પર ચિંતન-મનન-નિદિધ્યાસન કરવાથી ઘણું રહસ્યો ખુલ્લા થઈ જશે. એક

એક સૂત્રને લઈ તેના પર બોલવામાં આવે, લખવામાં આવે તો એક એક પુસ્તિકા તૈયાર થઈ જાય.

આપ સૌને નમ્ર અરજ કે આ પુસ્તિકા વાંચજો, જિજ્ઞાસુઓને વંચાવજો, ગુરુ–પ્રસાદી સમજી વહેંચજો 'બહુજનહિતાય–બહુજન સુખાય'ના કાર્યનો તે એક પ્રકાર જ છે.

શ્રી ભરતભાઈ દેસાઈના
જયઓમ્ ગુરૂદેવ—જયનારાયણ

આશીર્વચન

બહુજન હિતાય, બહુજનસુખાયના એક અંશ સ્વરૂપે આ "સત્સંગ-પરાગ" ૐમ્પરિવાર ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત થઈ રહ્યું છે તે આનંદની વાત છે. શ્રી નૈષધ વ્યાસની જેમ આવો પ્રયત્ન કરવાનું, ૐમ્પરમાત્મા સૌને બળ આપો એવી પ્રાર્થના.

મધનું ગળપણ એટલું બધું હોય છે કે ઘણુ ખાતા મોઢું ભાંગી જાય, પણ પચવામાં તે ખૂબ સરળ કહેવાય છે.

—યોગભિક્ષુ

॥ ॐ ॥

तस्य वाचकः प्रणवः

"ભગવાનનો કયારેય મોક્ષ નથી થતો કારણકે તે શાસનમાં નથી રહેતા, સ્વછંદ વર્તન કરે છે, ભક્તોનો મોક્ષ થાય છે કારણ કે તેઓ શાસનમાં રહે છે, નિયમમાં રહે છે." ॥ ૧ ॥

"અનુભૂતિ છે ત્યાં અસ્તિત્વ છે, અસ્તિત્વ છે ત્યાં આકાર છે. સ્થૂળ આકાર અને દિવ્ય-અલૌકિક આકાર. અલૌકિક આકારનું નામ જ નિરાકાર." ॥ ૨ ॥

"અભય કયારે થવાય કે જ્યારે બીજાઓ આપણાથી અભય પામે. જેવું વાચીએ તેવું લણીએ. અભય વાચીએ તો અભય લણીએ-પામીએ. જ્યાં સુધી આપણાથી અન્ય કોઈ ભય પામતું હોય ત્યાં સુધી આપણે અભય કયાંથી થઈ શકીએ!" ॥ ૩ ॥

"દુનિયાની કોઈ તાકાત 'લઘુ'ને ગુરુ બનતાં રોકી નહીં શકે. લઘુ, ગુરુ બનીને જ રહેશે." ॥ ૪ ॥

"જે બુદ્ધિ સમર્પિત થઈને રહે છે તે જ બુદ્ધિની બુદ્ધિમાની છે. ગુરુજનો અને સંતજનોના ચરણોમાં બુદ્ધિપૂર્વક નિર્બુદ્ધિ થઈને બેસવું એ જ બુદ્ધિમાનપણું છે." ॥ ૫ ॥

"નિષ્કામ કર્મયોગ કરવાથી જગતમાં શાંતિ ફેલાય છે. નિષ્કામ કર્મયોગનું જે આચરણ કરે છે તેઓ પણ જગતનું એક અંગ જ છે. તેમાં સહાયતા કરનારા પણ જગતનું એક અંગ જ છે. અને તે સર્વેની ચિત્તશુદ્ધિ થવાથી તેઓના ચિત્તમાં શાંતિ-સમાધાન પ્રવર્તે છે." ॥ ૬ ॥

"તમે તમારી શ્રદ્ધાના જોરે મારી સહાયતા આકર્ષીને સ્વશક્તિ જગાડી લ્યો છો-ઉત્તેજિત કરી લ્યો છો." ॥ ૭ ॥

"આરામ એટલે આ-રામ (રામ આવો). વિરામ એટલે આ-રામને પ્રાપ્ત કરવામાં, કલ્યાણને પ્રાપ્ત કરવામાં જેટલો સમય વ્યતીત કરીએ એ." ॥૮॥

"સાચાં સુખશાંતિ સૂક્ષ્મ અને અંતર્મુખ ધ્યાનમાં જ છે. અતિશય બહિર્મુખ સ્થૂળ ધ્યાનનું જ પરિણામ વર્તમાનકાલીન આધુનિક વિનાશક વિજ્ઞાન છે." ॥ ૯ ॥

"જેટલી ઝડપથી ટેકરીની ટોચે ચડી જઈએ છીએ તેટલી જ ઝડપથી નીચે ઊતરવાનું આવે છે. તે જ પ્રમાણે જેટલી ઝડપથી ભૌતિક શોધો રૂપી ટેકરી પર પહોંચી જઈશું તેટલી જ ઝડપથી નીચે ઊતરવાનું આવશે." ॥ ૧૦ ॥

"શુચિ રહો ને નિયતિ હસો;
સુરુચિમયી અભિરુચિ હજો;
સર્વ જીવહિત ઉર મધ્ય વસો;
નવ જીવન યજ્ઞ સફળ થજો." ॥ ૧૧ ॥

"એકત્વમાંથી બહુત્વ અને બહુત્વમાંથી એકત્વની ક્રિયાનું સાતત્ય એનું નામ વિશ્વ." ॥૧૨॥

એના લોભને થોભ નહીં ને
લોભ ઉતારે એને જંગમાં રે;
અભય માણસથી ડરી ડરી
ચાલે સભયને રાખે સંગમાં રે. ॥ ૧૩ ॥

ગુરુજનો અને સંતજનોના હૃદયમાં નિરહંકાર સ્વરૂપે ભગવાન વસે છે. અહંકારનું ન હોવું તેનું નામ જ ભગવાનનું હોવું.

જ્યાં સરળતા છે ત્યાં સત્યનારાયણ છે. જ્યાં શાસ્ત્રાર્થ છે ત્યાં સાક્ષાત્કાર નથી. ॥ ૧૪ ॥

ધ્યેય પ્રાપ્ત કરવાના કાર્યમાં મંદતા આવે નહીં, કે સમાજના પ્રચંચમાં સપડાઈએ નહીં. અને ભૌતિકતા મુખ્ય થાય તેવા મનોભાવ થાય નહીં તે માટે શું મુખ્ય મુખ્ય અને ગૌણ ગૌણ છે તેની સતત સાવધાનતા પ્રાપ્ત કરવાની સક્રિય યોજના એટલે ઓમ્‌પરિવારનાં આધ્યાત્મિક મિલનો અને ઉત્સવો. ॥ ૧૫ ॥

ત્રણે કાળમાં વર્તમાનકાળ જ મુખ્ય છે, વર્તમાનકાળ જ નક્કર અને મૂલ્યવાન છે. કેમકે વીતી ગયેલા વર્તમાનકાળને જ ભૂતકાળ કહેવામાં આવે છે અને આવનારા વર્તમાનકાળને જ ભવિષ્યકાળ કહેવામાં આવે છે. માટે વર્તમાન-કાળનો યથાયોગ્ય ઉપયોગ કરી લેવો જોઈએ. તેનું નામ જ "કર્મમાં કુશળતા." વર્તમાન ચૂકી ગયો તે મહામૂલો મનુષ્યજન્મ ચૂકી ગયો. ॥ ૧૬ ॥

સમૃદ્ધિ અને ભૌતિક સુખો તો બીજાં સાધનો દ્વારા પણ મળી શકે છે પરંતુ શાંતિ તો સાચી સમજણ દ્વારા જ પ્રાપ્ત થાય છે. સાચી સમજણ પ્રાપ્ત કરવા માટે જે કાંઈ મૂલ્ય આપવું પડે તે ઓછું જ છે. ॥ ૧૭ ॥

પોતાના અહંકારને પોષવાનો અને ઓછી મહેનતે વધુ પ્રાપ્ત કરવાનો લગભગ સૌનો આગ્રહ હોય છે. ભૂતકાળને પૂજવાનું, વર્તમાનકાળનો નિરાદર-અલ્પાદર કરવાનું અને ભવિષ્યના તરંગી-બહુરંગી ખ્યાલોમાં રાચવાનું ઉપરોક્ત આગ્રહમાંથી જ જન્મતું હોય છે. ॥ ૧૮ ॥

મફત મળવા છતાંય જે કિંમતી અને મહત્ત્વનું હોય તે તેવું જ લાગ્યું લાગવું જોઈએ. કષ્ટથી પ્રાપ્ત થનાર પણ જો અકલ્યાણકારી હોય તો તે તેવું જ જણાવું જોઈએ. તેનું નામ જ "વાસ્તવદર્શીપણું." ॥૧૯॥

હિમ્મત વિના મહાવીરના ઉપાસક કઈ રીતે થવાય ? 'બહુજન હિતાય બહુજન સુખાય'ના કાર્યમાં, ધૈર્ય અને હિમ્મતપૂર્વક જે ઝંપલાવે છે તે મહાવીર અને મહાધીર હોય છે. ॥ ૨૦ ॥

'કોઈ ઉપર આધાર નહીં રાખવાથી આઝાદી અને આબાદી તરફ જવાશે' એ સમજણ સારી છે, પણ 'એ જ સ્થિતિ આઝાદી અને આબાદી છે' તે સમજણ સાચી છે. ॥ ૨૧ ॥

નુકસાનીને નફામાં ફેરવી નાખવાની દૃષ્ટિ પ્રાપ્ત થવી તે ઊંચી સ્થિતિ છે, પરંતુ 'કોઈપણ સ્થિતિમાં નુકસાન છે જ નહીં, કેવળ લાભ જ છે' તેવી દૃષ્ટિ પ્રાપ્ત થવી તે નરી વાસ્તવિકતા છે. ॥ ૨૨ ॥

ગુણાતીતના ગુણ ગાતાં ગાતાં જ ગુણાતીત થઈ જવાય છે. ॥ ૨૩ ॥

ગર્ભાવસ્થામાં જીવ કેવળકુંભકમાં હોય છે. જન્મ થતાં શ્વાસોચ્છ્વાસનો પ્રારંભ થતાંની સાથે જ કેવળકુંભક ટૂટે છે અને તેથી ગતજન્મોની અનંત સ્મૃતિઓ ઉપર પડદો પડી જાય છે; જીવ વિસ્મૃતિઓથી ઘેરાઈ જાય છે. ॥ ૨૪ ॥

ગુરુસંસ્કૃતિ એટલે જેમાં ગુરુદેવને પ્રત્યક્ષ પ્રભુ માનવામાં આવે છે અને એ ભાવનામાં કદી ચૂક પડવા દેવામાં આવતી નથી. તે ભાવનામાં કદી બાંધછોડ કરવામાં આવતી નથી તેથી જ ગુરુસંસ્કૃતિનો–ભારતીય સંસ્કૃતિનો કદી કોઈ કાળે પણ નાશ સંભવ નથી. ॥ ૨૫ ॥

મહાત્માઓ નિરાભિમાની જ હોય છે. નિરાભિમાનીપણાના કારણે જ તેઓ એક પછી એક આધ્યાત્મિક શિખરોને સર કરી લે છે.

હું યોગી નથી પણ યોગભિક્ષુ છું. તેથી મને ભૂત-ભવિષ્યનું કાંઈ જ્ઞાન નથી. હું તો વર્તમાનની ભૂમિ ઉપર નક્કરપણે-ચોક્કસપણે સ્થિર રહેવા માગુ છું. ॥ ૨૬ ॥

વૈશેષિક, મીમાંસા, ન્યાય, વેદાંત, સાંખ્ય અને યોગ એ છયે દર્શનો ભિન્ન ભિન્ન રીતે આત્યંતિક સુખ આપવાની યુક્તિઓ-પ્રયુક્તિઓ આપણને ભેટ ધરે છે, તેથી છયે દર્શનોમાં એકતા છે. આ રીતે જાણવું એ પણ "યોગઃ કર્મસુ-કૌશલમ્" છે. આ વિષય, તપ અને સાધનાનો છે; વાદવિવાદનો નથી. ॥ ૨૭ ॥

દ્વૈત, અદ્વૈત, દ્વૈતાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, કેવલાદ્વૈત અને ત્રૈત તે બધાનો પ્રતિપાદ્ય વિષય છે—જ્ઞેય, જ્ઞેયહેતુ, જ્ઞાન અને જ્ઞાનોપાય. ॥ ૨૮ ॥

આપણા સૌ ઉપર ઓમ્‌નારાયણની આશિષ ઊતરો કે જેથી તેમના દ્વારા મળેલી આશિષનો આપણે અનુભવ કરી શકીએ. ॥ ૨૯ ॥

સર્વે વાસનાઓ અને વિકારોનું અવધૂનન કરી નાખનારાને "અવધૂત" કહેવામાં આવે છે. ॥૩૦॥

ઘણી વાર એવું બનતું હોય છે કે પોતાના મગજમાં ઊઠતા તુક્કાઓને પોતે આત્માની પ્રેરણા સમજે છે; અને બીજાની આત્મપ્રેરણાને તેના મગજના તુક્કા સમજે છે. આ બધું માનવસ્વભાવ-સહજ છે. ॥ ૩૧ ॥

શિષ્યામાં અને વેશ્યામાં માત્ર એક અક્ષરનો ફેર છે. પણ શિષ્યા, પોતાના સમર્પણ દ્વારા ઊર્ધ્વગમન કરીને મોક્ષને પ્રાપ્ત કરી લે છે અને વેશ્યા, પોતાના સમર્પણ દ્વારા અધોગમન પામીને નર્કમાં પછડાય છે. સમર્પણ બંને કરે છે પણ સમર્પણભાવમાં જેટલો ભેદ પડે છે તેટલો ભેદ ફળમાં પડે છે. ॥ ૩૨ ॥

જેની પ્રતિક્રિયા દુઃખ ન હોય તેવા સુખની પ્રાપ્તિ માટે આપણે પ્રતિજ્ઞાબદ્ધ થઈએ ત્યાર પછી જન્મ થાય છે. તેથી જન્મ થવો એ જ પ્રતિજ્ઞા લીધાની સાબિતી છે ॥ ૩૩ ॥

આત્મતત્ત્વ વિશેની બધા પ્રકારની સમજણ પ્રાપ્ત કરી લેવી તેનું નામ સ્વાધ્યાય ॥ ૩૪ ॥

તન-મન-ધનથી પુષ્ટ રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ. તે ત્રણે જીવનવ્યવહારમાં અતિ ઉપયોગી છે તે સદા સ્મરણમાં રાખવું જોઈએ; પરંતુ તે સર્વસ્વ નથી તેનું કદી વિસ્મરણ ન થવું જોઈએ. ॥ ૩૫ ॥

સરોવરને પૂછીએ છીએ કે મીઠું પાણી ક્યાં છે? હું તરસ્યો થયો છું!

સંતને પૂછીએ છીએ કે સંત ક્યાં છે? મારે આશિષ લેવી છે!

ભગવાનને પૂછીએ છીએ કે ભગવાન ક્યાં છે? મારે દર્શન કરવાં છે!

આમ ક્યાં સુધી કરીશું? ॥ ૩૬ ॥

સદ્ધર્મયુક્ત કાર્ય કરવામાં નિષ્ફળતા મળે ત્યારે હતાશ કે નિરાશ ન થવું જોઈએ; પરંતુ તેના માટે પ્રયત્ન-પુરુષાર્થ કર્યો હતો કે કરી રહ્યા છીએ તેનું ગૌરવ થવું જોઈએ; અને તેથી ઉત્સાહ અને આનંદ પ્રાપ્ત થવા જોઈએ. ॥ ૩૭ ॥

ભૂલો ભલે, પણ તે પળ હસો;
તેપર સ્વબળ, ઘસો-કસો;
ભેદી ભ્રમો, આગળ ધસો;
ગન્તવ્ય સ્થાને, પહોંચી જશો. ॥ ૩૮ ॥

બ્ર + અહમ્ = બ્રહ્મ. બ્ર એટલે બૃહત્ અને અહમ્ એટલે હું પણું. એટલે કે જેનું હું પણું બૃહત્ થઈ ગયું છે, ફક્ત પોતાના શરીર પૂરતું કે પોતાના કુટુંબ પૂરતું મર્યાદિત નથી રહ્યું પરંતુ સમસ્ત વિશ્વના કલ્યાણ માટે ફેલાઈ ગયું છે તે. બ્રહ્મ મિત્ર મંડળ એટલે જે ઉપરોક્ત રીતે બ્રહ્મની ઉપાસના કરે છે અને કરાવે છે તેવું મંડળ ॥૩૯॥

મૃત્યુ સમયે સૌ રડે છે. તો તો જન્મ વખતે પણ રડવું જોઈએ. કારણકે જન્મ મૃત્યુ માટે છે અને મૃત્યુ જન્મ માટે છે. તાત્ત્વિક દૃષ્ટિએ જોતાં જન્મ-મૃત્યુ બંને સમયે રડવું જોઈએ. જે જન્મ પછી મૃત્યુ ન હોય અને જે મૃત્યુ પછી જન્મ ન હોય, બરોબર તો તે જ હસવાનો પ્રસંગ કહેવાય. ॥ ૪૦ ॥

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ તથા યોગીઓ અને મુનિઓ પણ કાળના ભયથી પ્રાણાયામ(સાધના)માં તત્પર રહે છે તો સર્વસામાન્ય મનુષ્યોએ તો સાધના છોડાય જ કેમ? ॥ ૪૧ ॥

શિવે તો આખા વિશ્વનું ઝેર પીધું, તો શિવ-ભક્તો પોતાની આસપાસનું ઝેર કેમ ન પીવે ? તો જ સાચા શિવભક્ત કહેવાઈએ. ભાંગ, ધતૂરો કે ગાંજો પીવો એ કાંઈ મોટી વાત નથી. બધું ઝેર પીધું તો તે કહેવાય કે 'બહુજન હિતાય-સુખાય' ના પ્રયત્નોમાં જે કાંઈ સહન કરવું પડે તે આનંદ-પૂર્વક સમજીને સહન કરીએ. ॥ ૪૨ ॥

આપણું ધાર્યું ન થાય ત્યારે એમ માની ન લેવું જોઈએ કે આપણે નિષ્ફળ ગયા છીએ. ખરી હાર અને ખરી નિષ્ફળતા તો ત્યારે જ કહેવાય કે જ્યારે આપણું ધાર્યું ન થાય ત્યારે આપણે એટલા ગુસ્સે થઈ જઈએ કે આપણા ઉપર આપણો કાબૂ ન રહે. એવો ગુસ્સો આપણને જ નુકસાન કરે છે અને જીવનને અશાંત કરી મૂકે છે. આપણને અશાંત જોઈ આપણા મિત્રો દુઃખી થાય છે અને આપણા દુશ્મનો ખુશી થાય છે. ॥ ૪૩ ॥

જઠરાગ્નિ મંદ પડવાથી મનુષ્ય સમજે છે કે હું બીમાર છું અને તેથી સાજો થવાનો પ્રયત્ન કરે છે. પરંતુ સંત-સમાગમ અને સાધુ-દર્શનની એને ભૂખ નથી લાગતી ત્યારે એ નથી સમજતો કે મારા સૂક્ષ્મ શરીરનો જઠરાગ્નિ મંદ પડી ગયો છે; અને તેથી હવે સાવધાન થઈ જવાથી જરૂર છે. આ પ્રકારની સમજણનો અભાવ એ એના નૂગરાપણાની નિશાની છે. ॥ ૪૪ ॥

શક્તિપાત દીક્ષા એટલે દીર્ઘકાળની સાધના માટે શ્રદ્ધા પેદા કરવાની યુક્તિ-પ્રયુક્તિ. શક્તિપાત દીક્ષા એટલે તેના વિશેષજ્ઞો દ્વારા પ્રયોગમાં લેવાતો મનોવૈજ્ઞાનિક ઉપાય કે જેથી દીર્ઘકાળની સાધના માટેની શ્રદ્ધા ટકાવી રાખીને, તેનું મુખ્ય ફળ સમાધિ-સમાધાન-ને પ્રાપ્ત કરી શકાય. ॥ ૪૫ ॥

રુંવાડે રુંવાડે ધર્મને વ્યાપ્ત કરી દેવો; સામ, દામ, દંડ અને ભેદ દ્વારા ધર્મમાંથી વિચલિત કરવાની પરિસ્થિતિ ઉત્પન્ન થાય ત્યારે પણ અચળ હિમાલયની જેમ, પોતાની ધર્મભાવનામાં અડગ રહેવું તેનું નામ છે ધર્મને પચાવી દેવો. ॥૪૬॥

જે ગૃહે ગુરુ બિરાજે હકે
રાહુ કેતુ તેનુ શું બગાડી શકે? ॥ ૪૭ ॥

ધ્યાનનો રોજ પ્રયત્ન કરવો એને જ એક સફળતા સમજી લેવી જોઈએ. ધ્યાન કેવું અને કેટલું થાય છે તેની ફિકર બહુ ન કરવી જોઈએ. અંતરંગ સૂક્ષ્મ ગતિવિધિઓનું સાચું તોલમાપ કાઢવું સરળ નથી. બાકી તો સૌના મનને સૌ સવાશેર. ॥ ૪૮ ॥

ગુરુમાં જે માને છે એને તો ગુરુ છે જ, પણ જે ગુરુમાં નથી માનતા તેને પણ ગુરુ છે એવું જે સાબિત કરી આપે તે સદ્‌ગુરુ છે. ॥ ૪૯ ॥

બ્રહ્મનું સ્થૂળ સ્વરૂપ તે વીર્ય અને વીર્યનું સૂક્ષ્મ સ્વરૂપ તે બ્રહ્મ ॥ ૫૦ ॥

જગતમાં કોઈ જ ભોળું નથી. જરૂરત પૂરતી સૌને બુદ્ધિ મળેલી છે.

"અમુક ભાઈ કે બહેન બહુ ભોળાં છે."

એમ કહેનાર વ્યક્તિ તો જરૂર ભોળી નથી. કુચારેક આમ કહીને કાંઈક સ્વાર્થ સાધવાનો લોભ છે. માટે સાવધાન ! ॥ ૫૧ ॥

દરેક આચરણ વિવેકબુદ્ધિથી અને તત્ત્વજ્ઞાન-પૂર્વક આચરવામાં આવે તો જ તેમાંથી લાભ અને સુખ-શાંતિ પ્રાપ્ત કરી શકાય છે; જડપણે આચરેલ ક્રિયા નિરર્થક એક બોજ બની રહે છે. ॥ ૫૨ ॥

કોઈપણ પ્રકારની જાણકારી પ્રાપ્ત કરવી તેનું નામ જ્ઞાન. તે જ્ઞાનનું આચરણ કરવું તે યોગ. અને આચરણ કરતાં કરતાં તેમાં પ્રેમ પ્રગટે તે ભક્તિ.

જ્યાં પ્રેમ છે ત્યાં ત્યાગ છે. ત્યાગ, એ ભક્તિ જ છે. ॥ ૫૩ ॥

ઈષ્ટમંત્ર માનસિક વાણી જપતી રહે તે જપ. ઈષ્ટઆકૃતિ માનસિક આંખ જોતી રહે તે ધ્યાન. ઈષ્ટ-આકૃતિને ઈષ્ટસ્થાનમાં જોતી રહે તે ધારણા. ॥૫૪॥

જગત, શક્તિને જ ભગવાન માને છે. ભલે સહનશક્તિ લોપ (ઈસુ) કે શાસકશક્તિ લોપ (કૃષ્ણ) ॥ ૫૫ ॥

પૃથ્વીની જેમ ગુરુસંતોમાં બધા જ રસો છે. જેને જે રસ જોઈએ તેને તે તેવો પ્રયત્ન કરીને પ્રાપ્ત કરી લે છે. ॥ ૫૬ ॥

જે શરીરને બાળી નાખવામાં આવે છે તે સ્થૂળ શરીર છે; પરંતુ તે સ્થૂળ શરીરમાં એક સૂક્ષ્મ શરીર પણ છે. તેનો કદી નાશ નથી થતો. મનુષ્ય જે કાંઈ સત્-અસત્ કર્મો કરે છે તેનાં ફળો આ જન્મમાં ભોગવતાં ભોગવતાં જે કાંઈ બચી રહે છે તે બીજા જન્મમાં સૂક્ષ્મ શરીર સાથે સૂક્ષ્મરૂપે આવે છે. ॥૫૭॥

જેને જગતના કલ્યાણની ભાવના છે તેના માટે જગતનું કલ્યાણ કરવાનો સહેલામાં સહેલો ઉપાય પોતાનું કલ્યાણ કરી લેવામાં છે, કારણકે પોતે પણ જગતનું જ એક અંગ છે જેથી પોતાનું જ કલ્યાણ કરી લેવાથી જગતના એક માનવીને અકલ્યાણમાંથી બહાર ખેંચી લીધો કહેવાય. ॥૫૮॥

સંત એટલે જગત આખાનો મરજિયાત દેણદાર, કે જે લેવામાં નહીં પણ દેવામાં જ આનંદ માણે છે. ॥ ૫૯ ॥

મૃત્યુ પણ એક અવસ્થા છે. જાગ્રતાવસ્થામાંથી નિદ્રાવસ્થા અને સ્વપ્નાવસ્થામાં જતાં ડર નથી લાગતો, શોક નથી થતો તો મૃત્યુ અવસ્થામાં જતાં ડર કેમ લાગે છે? શોક કેમ થાય છે? અજ્ઞાનને કારણે આમ બને છે. ॥ ૬૦ ॥

સામ, દામ, દંડ, ભેદ; યુક્તિ-પ્રયુક્તિ, છળકપટ વગેરેથી બીજાને છેતરીને બુદ્ધિ ફુલાય છે, પણ બુદ્ધિની કંગાલિયત તો જુઓ! તેને બીજાને છેતરવાની તો પૂરી ખબર પડે છે પણ બીજાને છેતરવાથી પોતે જ છેતરાય છે, બીજાને છેતરવું તે પોતાને જ છેતરવાનું છે તેની જ તેને ખબર નથી પડતી, તેની જ તેને સમજ નથી પડતી. ॥૬૧॥

સહે દુઃખો ખર્વ-નિખર્વ, જેમ ઊજવે મહાપર્વ;
ગુરુ જેને જગત સર્વ, તોય નથી લેશ ગર્વ. ॥૬૨॥

ભક્તિમાર્ગની માગણી છે સમર્પણ, જે કલિયુગમાં અતિ કઠિન છે કારણકે કલિયુગ બુદ્ધિનો યુગ છે. ॥ ૬૩ ॥

સમસ્ત ભૌતિકતામાંથી બહાર નીકળવાનો સ્વાનુભવ કરવા માટે તો સમાધિમાં પ્રવેશ કરવાનો છે. ॥ ૬૪ ॥

અમારાં પ્રકાશનો

૧. ગુરુમહિમા કિં. રૂ. ૧૫-૦૦

આપણાં સ્થૂળ મંદિરો, માનવશરીરરૂપી મંદિરનાં પ્રતીકમાત્ર છે. મંદિરમાં દર્શન સમયે થતા શંખનાદ, આરતીરૂપી જ્યોત વગેરેની અનુભૂતિ આત્મસાક્ષાત્કાર સમયે માનવશરીરમાં થાય છે. આવી તાત્ત્વિક સમજ ઉપરાંત યોગમાર્ગના અતિ ગૂઢ, ગુપ્ત રહસ્યોની ખૂબ જ સરળ અને સચોટ રજૂઆત.

૨. મુક્તા કિં. રૂ. ૧૫-૦૦

પાતંજલ યોગદર્શનના સમાધિપાદની ગુજરાતી ટીકા. યોગસાધના વિશેની મૌલિક રજૂઆત, જેને વાંચ્યા બાદ સાધક જ્ઞાન પ્રાપ્ત કરીને તે મુજબ સાધના કરવા પ્રોત્સાહિત બને છે. ઓમ્ વિશેની તાત્ત્વિક મૌલિક સમજ.

૩. ઈશ્વર કોને કહી શકાય
અથવા તસ્ય વાચકઃ પ્રણવઃ કિ. રૂ. ૪-૦૦

પાતંજલ યોગદર્શનના સમાધિપાદનાં ૨૪ થી ૨૯ સૂત્રો કે જેમાં ઈશ્વરની ઓળખ આપવામાં આવી છે.

૪. મૈત્રી કિં રૂ. ૨-૦૦
અથવા વિશ્વશાંતિનું યોગરહસ્ય કિં. રૂ. ૨-૦૦

પાતંજલ યોગદર્શન સમાધિપાદ સૂત્ર-૩૩માં વિશ્વશાંતિ માટેનું જે રહસ્ય છે તેની મૌલિક રજૂઆત 'ભ્રાંતિદર્શન' સાધનામાં અંતરાય રૂપ છે.

૫. શાંતા કિં. રૂ. ૧૫-૦૦

મુક્તાના અનુસંધાનમાં પાતંજલ યોગ-દર્શનના સાધનપાદની અદ્‌ભુત ટીકા કે જેના દ્વારા સમાધિમાં અંતરાયરૂપ ક્લેશોનું ક્રિયાયોગ

દ્વારા દૂર થવું. ચોવીસ તત્ત્વો વિશેની તાત્ત્વિક સમજ. કૈવલ્યપ્રાપ્તિનો ઉપાય, વિવેકખ્યાતિ સુધીની અવિપ્લવા સમજ દ્વારા. અષ્ટાંગ યોગનાં પાંચ બહિરંગો: યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર વિશેની મૌલિક વાતો. વિભૂતિપાદનાં ધારણા, ધ્યાન અને સમાધિ તે ઊંચામાં ઊંચી પ્રાપ્તિ છે; સિદ્ધિ છે, વિભૂતિ છે.

૬. મારા ગુરુદેવ ફિં. ૧૨–૦૦

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીના સાધના-કાળના અનુભવો. પૂજ્યશ્રીએ લીધેલી સંતપુરુષોની મુલાકાત. પરિવારનાં ગુરુભાઈ-બહેનોના સ્વાનુભવો અને તે વિશેની સાચી સમજ પૂજ્યશ્રી દ્વારા.

૯. પૂજ્યશ્રીમાં ઈશ્વરદર્શન કિં. રૂ. ૪-૦૦

પ. પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજીનો દક્ષિણ-ભારતનો યાત્રા પ્રવાસ. 'બહુજન હિતાય-સુખાય'ના કાર્યાર્થે અમેરિકાનો આધ્યાત્મિક પ્રવાસ. અમેરિકન સંન્યાસીઓ સાથેની તેમજ આશ્રમોની મુલાકાતનું વર્ણન, ત્યાંની આધ્યાત્મિક સંસ્થાઓ દ્વારા થયેલ બહુમાનનો આંખે દેખ્યો અહેવાલ.

॥ ૐ ॥

तस्य वाचक प्रणवः

ઓમ્ (અઉમ્) એટલે ઈશ્વરનું સર્વવ્યાપક સર્વ-માન્ય નામ

ગુરુ ,, જે "લઘુ" નથી તે

પ્રેમ ,, ત્યાગની પારાશીશી

સમર્પણ ,, અંદરના "અહમ્" "હું"ને કાઢવો

ધ્યાન ,, છુપાયેલી શક્તિ પિછાણવાની એકાગ્રતા

ભિક્ષુ ,, પોતાને ઓળખી ચૂકેલ માનવ જે ભિક્ષુક નથી તે

(ઓમ્) પરિવાર ,, સમગ્ર જડ-ચેતનમાં આત્મી-યતા રાખનો પરિવાર

ટ્રસ્ટ ,, વિશ્વાસ એ જ જેની મહા-મૂડી છે તે

વિશ્વાસની મહામૂડીનો આશરો લઈ સમગ્ર જડ-ચેતનને સમાવતી, અહમ્‌ને ત્યાગી, ત્યાગ (પ્રેમ) દ્વારા છુપાયેલી શક્તિઓને કાર્યાન્વિત કરવા તથા ઓમ્‌ જેનું નામ છે તે ઈશ્વરના આશિષ મેળવી લઘુમાંથી ગુરુ બનાવનાર સંસ્થા.

ઓમ્‌પરિવાર એટલે કે જે બધાને પોતાનામાં સમાવી લે તે. ઓમ્‌પરિવારના સભ્યો તેને કહેવાય કે જે સર્વને પોતાનામાં સમાવી લે. પોતે સર્વમય ન થતાં સર્વને પોતામય બનાવી દે. જેમકે અગ્નિ.